

## વડીલોને વંદન અભિનંદન


શારદાબેન નવનીતભાઈ ત્રિવેદી (૧૯૪૬)મો.૯૮૯૮૦૨૪૬૦૮


રસિકલાલ જે. સુથાર (૧૯૪૩)ફોન:૨૩૨૨૬૭૮૨



ભલજીભાઈ એમ. સોલંકી (૧૯૪૧)ફોન:૨૩૨૨૫૭૮૯


મફતલાલ વી. પરમાર (૧૯૪૨)ફોન:૨૩૨૧૧૯૧૪


બચુભાઈ એસ. પટેલ (૧૯૪૧)ફોન:૨૩૨૪૪૩૫૬


જશુભાઈ સી. પટેલ (૧૯૪૬)મો.૯૮૯૮૭૨૩૪૨૫


કાન્તાબેન કે. સોલંકી (૧૯૪૩)ફોન:૨૩૨૨૨૬૪૯


રમેશચંદ્ર બી. રાવલ (૧૯૩૭)ફોન:૨૩૨૮૯૯૨૩



નરોત્તમભાઈ વી. પટેલ (૧૯૫૩)ફોન:૨૩૨૧૧૦૧૩

# મોડાસાના ગાજણ ટોલનાકાના બે કર્મચારીઓએ ટ્રકચાલકને માર માર્યો

મોડાસા, તા. ૨૮

મોડાસા નજીક ગાજણ ટોલનાકાના કર્મચારીઓ પોતાને કલેક્ટર સમજતા હોય તેમ સત્તાના નશામાં ભાન ભૂલીને બ્રેક ફેઈલ થતા બેરિયર તોડી નિકળેલા ટ્રકચાલક તથા ક્લીનરને ગાળો બોલી માર મારતા આ અંગેની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરાર કર્મચારીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા નજીક લાર્સન એન્ડ ટુર્બો કંપની દ્વારા બનાવવામાં આવેલ ટોલનાકુ અવારનવાર વિવાદના કેન્દ્રોમાં રહે છે. આ ટોલનાકા પર વાહનોની લાઈન લાગતી હોવા છતાં પુરતા ગેટ ખુલ્લા ન રાખી સમય તથા પેટ્રોલ, ડીઝલનો ધૂમાડો કરવામાં આવે છે. આ તો ઠીક પરંતુ ગઈકાલે ઉસ્માનગની નામના વ્યક્તિ ટીટોઈના અક્ષરભાઈ રસુલભાઈનાઓની ટ્રક નં. જીજે-૯-૨-૨૨૩૯માં બેસીને કુરીયરના ધંધાર્થે મોડાસા આવતા હતા ત્યારે સાંજના ૫ વાગ્યાના સમયે ટોલટેક્ષના બેરિયર પાસે ટ્રકની બ્રેક ઓછી આવતા ટ્રક બેરીયરને અડી ગઈ હતી ત્યાં હાજર ટોલટેક્ષના જીતપુર ગામના કર્મચારી દિનેશ પટેલ તથા અન્ય શખ્સે ગાળો બોલી પોતાની પાસે રહેલી લાકડીઓ વડે



માર માર્યો હતો. અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. શરીર પર ઈજા થતા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ઉશ્માનગનિને દાખલ કરવામાં આવ્યા હતા અને આ અંગેની પોલીસ ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને થતા મોડાસા રૂરલ પોલીસે આરોપી દિનેશ પટેલ સહિત ૨ સામે કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. જે.આર. ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ બાબુભાઈ શંકરભાઈ ચલાવી રહ્યા છે.

# અડવાણીના અધ્યક્ષસ્થાને જિલ્લા વિજીલન્સ અને મોનીટરીંગ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ અને મોનીટરીંગ સમિતિની બેઠક આજરોજ જિલ્લા સાંસદ સભ્ય શ્રી એલ.કે.અડવાણીના અધ્યક્ષ સ્થાને સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં મનરેગા યોજના, ઈન્દીરા આવાસ યોજના તથા નિર્મળ ભારત અભિયાન યોજના તેમજ અન્ય ગ્રામીણ વિકાસ મંત્રાલયની યોજનાઓની ડિસેમ્બર-૨૦૧૩ અંતિત -ગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સાંસદ સભ્ય શ્રી એલ. કે. અડવાણીએ યોજનાઓની -ગતિ અંગે સંતોષ વ્યક્ત કરી ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં આ બાબતે અગ્રેસર રહી રોલ મોડેલ બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

મનરેગામાં લેબર બજેટમાં ચર્ચા કરતાં ફેર બજેટ હોવું જોઈએ તેનાં સંદર્ભમાં કલેક્ટરશ્રી પી.સ્વરૂપે જણાવ્યું કે કલોલ વિસ્તાર જી.આઈ.ડી.સી. હોવાથી લેબર ગામડામાં મળતાં નથી. અમુક ગામોમાં પોતપોતાની રીતે કરતાં હોય છે. આ કામગીરી થઈ શકતી નથી. કે, આ અંગેની જરૂરી મિટીંગો પણ જિલ્લા કક્ષા, તાલુકા કક્ષાએ કરવામાં આવી છે. સાસંદ શ્રીમતી જયશ્રીબેન દ્વારા જણાવેલ એ.પી. એમ. સી. તથા ઓ.એન.જી. સી. મારફતે નિર્મળ ભારત અભિયાન ભાર મૂકેલ છે. જે બાબતે શૌચાલય બહુ અગત્યની બાબત છે. તેમજ બાળકોનું સ્વાસ્થ્ય ઉપર સ્વસ્થતા ઉપર ભાર મુકેલ છે. સામૂહિક શૌચાલયને તેમજ વ્યકિતગત શૌચાલય વધુમાં વધુ કામગીરી થાય



માણસા, દહેગામ તાલુકામાં લેબરો મળે છે. ત્યાં કામો કરાવેલા છે. ઈન્દીરા આવાસ યોજના - ૦થી ૧૬નો સ્કોર ૧૦૦ ટકા પૂર્ણ થયેલ છે.ચાલુ વર્ષ (૨૦૧૩)માં ઓગસ્ટ માસમાં ૦ થી ૨૦ના ૪૫૦નો લક્ષ્યાંક આપેલ છે. જે કામો પૂર્ણ રીતે ચાલુ કરી દેવામાં આવ્યા છે. પહેલો હપ્તો આપી દેવામાં આવ્યો છે.

શ્રી અડવાણીએ નિર્મળ ભારત અભિયાનમાં નાણાંકીય કોઈ મુશ્કેલી હોય તો તે બાબતે રાજય સરકાર કે એન.જી.ઓ. અથવા અન્ય સંસ્થાઓ પાસે આ કામગીરી કરાવી તેમને લક્ષ્યાંક આપી કામગીરી કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ બાબતે નિયામકશ્રીએ જણાવ્યું હતું કામગીરીઓ ૧૦૦ ટકા સિધ્ધ થશે અને તે સંદર્ભે કલેક્ટરશ્રીએ આ કામગીરી વધુમાં વધુ થાય તે રીતે ભારપૂર્વક જણાવ્યું હતું .

નિર્મળ ભારત અભિયાન અંગે માન. અડવાણીજીએ ગ્રામ્ય પુરસ્કાર બાબતે ખાસ ભાર મૂકવો અને ગ્રામ પંચાયતો વચ્ચે હરીફાઈઓ રાખવી જોઈએ. તે મુજબ પુરસ્કારો આપવા જોઈએ. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને વજાપુરા ગામમાં ૧૦૦ ટકા શૌચાલયની કામગીરી થયેલ છે. તેનું દષ્ટાંત આપી આ રીતે બીજા ગામોમાં પણ કામગીરીઓ સારી રીતે થાય તેવું જણાવ્યું હતું. આરોગ્ય બાબતે ખાસ તેના ઉપર ભાર મુકેલ છે. વધુમાં વ્યક્તિગત શૌચાલય માટે વધુ ફોકસ આપેલ છે.માન. અડવાણીજીએ નિર્મળ ભારત અભિયાન હેઠળ કામગીરી કરવા જણાવ્યું. ગાંધીનગર જિલ્લો સૌથી આગળ સિધ્ધિ કરી ઉદાહરણ પૂરું પાડે તેમજ અન્ય કામગીરી -ગતિની સારી છે. એકંદરે ગાંધીનગર જિલ્લાની કામગીરી માટે સંતોષ વ્યક્ત કર્યો.

આ -સંગે સાસંદ સભ્ય શ્રી હરિન પાઠક, સાંસદ સભ્ય શ્રીમતી જયશ્રીબેન પટેલ તથા ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયતના તથા અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેર ભાજપ કારોબારીની બેઠક બુધવારે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં જિલ્લા ભાજપના અધ્યક્ષ પૃથ્વીરાજ પટેલના પ્રમુખસ્થાને મળી હતી. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ રમીલાબેન બારા-જિલ્લા ઉપપ્રમુખ નટવરસિંહ ભાટી-મહામંત્રી જશુભાઈ જે. પટેલ તથા તાલુકા ભાજપ પ્રમુખ ગુલાબસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતાં. લોકસભાની ચૂંટણી સંદર્ભમાં યોજાયેલ આ બેઠકમાં શહેરમાં ધ્વજ લગાવવા-હાથમાં મહેંદીથી કમળનું ચિત્ર અંકિત કરી તથા શહેરના મતદાર યાદીના પાના મુજબ પેજ પ્રમુખ બનાવી મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં પાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ-શહેર મહીલા મોરચાનાં પ્રમુખ મીનાબેન જોષી સહીત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સંચાલન શહેર પ્રમુખ નારાયણદાસ બારોટ તથા મહામંત્રી ધર્મેન્દ્રભાઈ મહેતાએ તથા આભારવિધિ મહામંત્રી વિજયકુમાર ત્રિવેદીએ કરી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# માણસાના ઈટાદરા ગામમાં પોલીસનો દરોડો : ત્રણ સટોડીયા પકડાયા

## ૧૬ મોબાઈલ, એક લેપટોપ, ટીવી, પાંત્રીસ હજાર રોકડા અને ગાડી મળીને સાડા ત્રણ લાખનો મુદ્દામાલ ઝપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લાના માણસા તાલુકામાં આવેલા ઈટાદરા ગામમાં વન-ડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ગાંધીનગર એલસીબી અને માણસા પોલીસે દરોડો પાડી સાડા ત્રણ લાખના મુદ્દામાલ સાથે ત્રણ સટોડીયાઓએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઈટાદરા ગામના એક મકાનમાં સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમી ગાંધીનગર પોલીસને મળી હતી. શ્રીલાકા અને ભારત વચ્ચે રમાઈ રહેલી ક્રિકેટમેચ પર સટ્ટો ઈટાદરા ગામના બાતમીવાળા મકાનમાં રમાઈ રહ્યો હોવાથી ગાંધીનગર એલસીબી અને માણસા પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. દરોડામાં ત્રણ સટોડીયાઓ ઝડપાઈ ગયા હતા. તેમની પાસેથી પાંત્રીસ હજાર ચારસો રોકડા, સાડત્રીસ હજારની કિંમતના ૧૬ નંગ મોબાઈલ, ૨૫ હજારનું એક લેપટોપ, પાંચ હજારનું એક ટીવી, અઢી લાખની કિંમતની આઈ-૧૦ કાર તથા સેટઅપ બોક્ષ, પાંચ ચાર્જર, ઈલેક્ટ્રીક બોર્ડ મળી પોલીસે કુલ ત્રણ લાખ ચોપન હજાર બસોની કિંમતનો મુદ્દામાલ ઝપ્ત કરી ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ગુજકેટની પરીક્ષા ૨૭ એપ્રિલે લેવાનો વિધિવત નિર્ણય કરાયો

## ગુજકેટ પરીક્ષાને લઇ લાંબા સમયથી ચાલતી અટકળોનો અંત : રાજ્યના 33 જિલ્લાઓ સહિત 3૪ કેન્દ્રોથી પરીક્ષા

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાતી ગુજકેટની પરીક્ષા ૨૭ એપ્રિલે લેવાની જાહેરાત કરી છે. આ પરીક્ષા રાજ્યભરના ૩૩ જિલ્લાઓ સહીત કુલ ૩૪ કેન્દ્રો ખાતેથી લેવામાં આવશે. આ સાથે જ ગુજકેટની પરીક્ષાને લઈ લાંબા ગાળાથી ચાલતી અટકળોનો અંત આવ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે મેડિકલ અને પેરા મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ચાલુ વર્ષે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું રાજ્ય સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું.

આરોગ્ય મંત્લાયે આ પરીક્ષા લેવા માટે રાજ્યના શિક્ષણ બોર્ડને સુચના આપતા શિક્ષણ બોર્ડે ગુજકેટની પરીક્ષા ૨૭મી એપ્રિલે લેવાતી સત્તાવાર જાહેરાત કરી છે. આ પરીક્ષા રાજ્યના ૩૩ જિલ્લાના મુખ્ય મથકો સહિત કુલ ૩૪ સ્થળોએથી લેવાનું બોર્ડ દ્વારા ગોઠવવામાં આવ્યું છે. પરંતુ રાજ્ય નવરચિત જિલ્લાઓમાં પરીક્ષા આપતા ઉમેદવારોની સંખ્યા ૧૦૦ કરતા ઓછી હશે તો મુળ જિલ્લામાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ગુજકેટની પરીક્ષા માટેની માહિતી પુસ્તિકા અને યુઝર આઈડીનું વિતરણ રાજ્યના ૪૨ કેન્દ્રો પરથી તારીખ ૨૫ અને ૨૬ માર્ચના રોજ કરવામાં આવશે. જ્યારે ઉમેદવારો તારીખ ૨૫ માર્ચથી ૭ એપ્રિલ દરમિયાન ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ પરીક્ષામાં ગુજરાત બોર્ડના વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૩ અને ૪ના અભ્યાસક્રમ આધારીત ૧૨૦ બહુવિકલપીય પ્રશ્નો ધરાવતું પ્રશ્નપત્ર ઓએમઆર પદ્ધતિ ભરવાનું રહેશે. જેમાં ૪૦ માર્કસ ફિઝીક્સ, ૪૦ માર્ક કેમેસ્ટ્રી અને અન્ય ૪૦ માર્કસ મેથ્સ અથવા બાયોલોજીના પ્રશ્નોના હશે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ સાયન્સ પછી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ ગુજકેટની પરીક્ષાના ૪૦ ટકા અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાના ૬૦ ટકા વોલટેજના આધારે ફાળવવામાં આવશે.

# મોડાસાની વી.એસ.શાહ પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામોત્સવ યોજાયો

સરહસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત વી.એસ. શાહ પ્રાથમિક શાળાના પ૯મા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંડળ દ્વારા સેવાની સુગંધ પ્રસરાવનાર ડૉ. દિનકર દવે અને કર્મનિષ્ઠ સેવાભાવી તારક જોડી તુલા સંજયનું સન્માન પત્ર આપી શાલ ઓઢાડી મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી અને હોદ્દેદારો દ્વારા સન્માનવામાં આવ્યા હતા. ઉપરાંત દિનકર દવે, સરોજબેન દવે, સંજય-તુલા સહિત મુખ્ય મહેમાન ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે સંસ્થાના તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમને ઉત્તમ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. અંતે સંસ્થાના બાળકોએ પ્રસંગને અનુરૂપ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ વાર્ષિતોક્સવમાં મંડળના પ્રમુખ નાનાલાલ પ્રજાપતિ, મનહરભાઈ શેઠ, નરેન્દ્રભાઈ ગાંધી, હરિહરભાઈ ઉપાધ્યાય, મનીષભાઈ તલાટી, વિનોદભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ટી.ડી.ઓ. બદલાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકાદ-બે દિવસમાં સંભાળશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભાએ શ્રી જોશીની કાર્યપદ્ધતિને લઈ નારાજગી વ્યક્ત કરતાં સર્વાનુમતે સરકારમાં પરત બોલાવવામાં આવે તેવો પ્રસ્તાવ પસાર કર્યો હતો. તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન છે જે ઉલ્લેખનીય છે. જિલ્લા કલેક્ટર કચેરી બાદ જિલ્લા પંચાયતમાં પણ બદલીનો દોર આવતાં કર્મચારીઓમાં ચર્ચા ચાલી રહી છે કે હજુ પણ વધુ બદલીના ભણકારા છે.


## ભાજપ જ જીતશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી સંભાળી હતી. શ્રી બાજપાઈની કોઈપણ પ્રધાનમંત્રીની બેલેન્સ સીટ કરતાં શ્રેષ્ઠ બેલેન્સ સીટ છે. એમની કોઈ અન્ય પ્રધાનમંત્રી સાથેના શાસનકાળ સાથે તુલના કરી શકાય નહિ.

આ સામાન્ય ચૂંટણીમાં પણ બે મુખ્ય પક્ષો કોંગ્રેસ અને ભાજપની આસપાસ જ સ્થિર થઈ હોવાનો પણ તેમણે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ભાજપ જ સૌથી વધુ તાકાતવાર બની મોટા રાજકીય પક્ષ તરીકે ઉભરશે જ.

## શબ્દાવલી - ૫૩૨૭



### આડી ચાવી

૧. બંધ પુલ (૨)
૩. સરળ, ભોળુ (૪)
૬. ગોદામ (૩)
૮. ખેદ્યન મેદ્યન (૩)
૧૦. એના જેવું જ (૩)
૧૨. મક્કાની યાત્રા (૨)
૧૩. ખુબ સેવા (૪)
૧૫. યોગ્ય (૩)
૧૮. મકાઇ.... (૨)
૨૦. ગર્જના (૩)
૨૧. વાનર (૩)
૨૨. ચિંતા, ઉપાધિ (૨)
૨૩. સરસ જેવો ઉદ્‌ગાર (૨)
૨૪. નોકર (૨)
૨૫. કર્ણ, સાંભળવાની ઇન્દ્રિય (૨)

### ઊભી ચાવી

૨. ગામઠી ભાષામાં તુવેર(૩)
૩. પાણી (૨)
૪. વેલ (૨)
૫. વખાણવું (૪)
૭. લેણાદેણીનું લખાણ (૨)
૯. કાજી, નિર્ણય સંભળાળનાર (૨)
૧૦. ભજવવું, ખેલ કરવો (૪)
૧૧. સુવર્ણ દોરો, સોનાની ચેન (૩)
૧૪. પક્ષાપક્ષી, જુદાઇ (૪)
૧૬. માણસ, પુરૂષ (૨)
૧૭. ડરપોક (૩)
૧૯. હુકમ (૪)
૨૨. એક ઋષિ, માપ (૨)

### શબ્દાવલી ૫૩૨૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાખબલાઇ (૫) મખ (૭) રમત (૮) કમઠાણ (૯) કપરા (૧૧) તક (૧૩) ટૂર (૧૪) શીમલા (૧૭) આશકા (૧૮) કાલાજામ (૨૧) મકાન માલિક (૨૩) ઝુલો (૨૪) જુન (૨૫) મલુ

**ઊભી ચાવી :-** (૧) કારગત (૨) ખમ (૩) બતક (૪) ઇકરાર (૫) મઠારવું (૬) ખણ (૧૦) પટુલા (૧૨) કશીશ (૧૫) મકામ (૧૬) છમકલું (૧૭) આરઝુ (૧૮) કાનન (૧૯) લામા (૨૦) જાલિમ (૨૨) કાજુ

## Public Notice

Notice is hereby given that the following sub-broker is no longer affiliated as sub-broker of M/s. HORNIC INVESTMENT PVT. LTD. registered trading member of BSE and NSE Ltd. bearing SEBI Reg. No. BSE : INB010814839 and NSE Number INB230814839 having the registered office at 201/206 Fort Foundation Bldg., M.C.C. Lane, Kala Ghoda, Fort, Mumbai - 400 001. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk Hornic Investment Pvt. Ltd. shall not be liable for any dealing with them.

**Sub-Broker Trade Name :**
SUBHLAKSHMI INVESTMENT

**SEBI Reg. No. & Date :**
BSE INS011114027/01-08148 Dated : 17/07/2001.
NSE INS231060828/23-08148 Dated : 11/05/2001.

**Reg. Office address :**
134, First Floor, Meghmalhar Complex, Sector-11, Char Road, Gandhinagar - 110 001.

Date : 27/2/14
Place : Mumbai

For
**Hornic Investment Pvt. Ltd.**
**Lalit Daga / Anil Daga**

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯